**<u>( સને૧૯૭૩ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ૩૫૫ મુજબનો ચુકાદો )</u>**
**અમદાવાદના મહે.એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ સમક્ષ**

આંક :–

| | | | |
|---|---|---|---|
| (અ). | કેસનો અનુક્રમ નંબર | :– | 160051/2021 |
| (બ). | ગુન્હો બન્યાની તારીખ | :– | –– |
| (ક). | ફરીયાદીનું નામ | :– | ધી સ્ટેટ ઓફ ગુજરાત |
| (ડ). | આરોપીઓના નામ અને સરનામું. | :– | પ્રહલાદરાય ગોરધનલાલ ઈનાની.<br>રહેઃ ૧૧. અંતકાર સોસાયટી સરકીટ હાઉસ પાછળ શાહીબાગ અમદાવાદ. |
| (ઈ). | ફરીયાદમાંનો આરોપ અથવા સાબીત થયેલો આરોપ. | :– | ઈ.પી.કો.કલમ–૨૭૯ તથા એમ.વી.એકટ કલમ ૧૭૭,૧૮૪ મુજબ. |
| (ફ). | આરોપીનો જવાબ અને તપાસણી | :– | –– |

સવાલ– તમારી સામેનું તહોમતનામું તમોને વાંચી સમજાવ્યુ તે મુજબનો ગુન્હો તમે કબુલ કરો છો કે બચાવ કરવો છે ?

જવાબ– મને ગુનો કબુલ છે.

............................................
આરોપીની સહી

મારી રૂબરૂ,

તા.૧૨/૦૩/૨૦૨૨

ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.

(૧). આ કામમાં શાહીબાગ પો.સ્ટેશન દ્વારા આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.કલમ–૨૭૯ તથા એમ.વી.એકટ કલમ ૧૭૭,૧૮૪, મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડ કલમ ૨૦૭ અન્વયે વિના મૂલ્યે આપવામાં આવેલ છે. આરોપી સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ ધ્વારા ગુના કબુલાત પુરસીસ આંક–૨ થી રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ચાર્જશીટમાં જણાવેલ ગુના માટે પ્લી/નિવેદન લેતા તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨). સજા બાબતે આરોપીને સાંભળતા. આરોપીએ આ પ્રથમ ગુનો છે અને તેઓ મધ્યમવર્ગના માણસ છે અને તેઓને દર મુદતે કોર્ટ સમક્ષ હાજર રહે તો ખુબજ આર્થિક નુકશાન થાય તેમ છે તેમ જણાવે છેતથાભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહિ કરવા ખાત્રી આપે છે અને દયા કરવાજણાવે છે.એ.પી.પી. શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩). આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરુધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરુ છું.

**હુ ક મ**

ક્રિ.પ્રો. કોડ કલમ–૨૫૨ અન્વયે આરોપીને ઈ. પી. કો. કલમ–૨૭૯ તથા એમ.વી. એકટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબના ગુના માટે કસુરવાર ઠરાવી એકત્રીતપણે તમામ ગુના માટે કુલ રૂ.૫૦૦/–અંકે રૂપીયા પાંચસો પુરા દંડ ભરવા હુકમ કરૂ છું. દંડ ન ભરે તો ૧૦ દિનની સાદી કેદની સજા ભોગવવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૧૨/૦૩/૨૦૨૨

(એ.એમ.વર્મા)
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ, કોડ નં.જીજે૦૦૫૭૭